સને ૨૦૧૬-૧૭માં નવી બાબતે માંગણી નં-૯,૯૫ અને ૯૬ પ્લાન સદરે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કુલ-૭૨ મોડેલ સ્કુલમાં મ.ભો.યો.અને પૌષ્ટિક નાસ્તો આપવાની યોજનાને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર

ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૫/૩૯૯ /૨,

શિક્ષણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

તા.૩૦/૦૪/૨૦૧૬

**વંચાણે લીધા:-**

(૧)શિક્ષણ વિભાગનો તા.૧૭/૦૯/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૪/૩૭૨/૨,

(૨) શિક્ષણ વિભાગનો તા.૧૫/૦૪/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: મભય/૧૦૨૦૧૪/૫૮૭ /૨,

(૩)ગુજરાત કાઉન્સીલ ઓફ સેકન્ડરી એજ્યુકેશન (R.M.S.A.)નો તા.૧૪/૦૩/૨૦૧૬૫ના પત્ર ક્રમાંક: મોડેલ સ્કુલ /નવી બાબત/૨૦૧૬-૧૭/૭૧૭,

(૪) કમિશ્નરશ્રી,મ.ભો.યો.નો તા.૨/૪/૨૦૧૬નો પત્ર ક્રમાંક:મભય/અમલ/વશી/૧૦૨૪/૩૫૨૨-૨૩

**પ્રસ્તાવના-**

૧/ ગુજરાત રાજયની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ગરમ તેમજ પૌષ્ટિક આહાર મળી રહે તે હેતુથી મધ્યાહન ભોજન યોજના હેઠળ ગરમ અને તાજું ભોજન આપવામાં આવે છે. સંદર્ભ –(૧)ના ઠરાવથી ૨૦૧૪-૧૫માં નવી બાબતે માંગણી નં-૯ પ્લાન સદરે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કુલ-૭૩ મોડેલ સ્કુલમાં ધોરણ -૯માં એક કલાસ દીઠ ૪૦ વિદ્યાર્થી મુજબ કુલ.૨૯૨૦ વિદ્યાર્થીઓને પ્રતિ દિન વિદ્યાર્થીદીઠ રુ.૧૨.૪૦ ની મર્યાદામાં મધ્યાહન ભોજન યોજનાનો લાભ આપવા રાજ્ય સરકારના ખર્ચ પેટે રુ.૮૬.૮૯ લાખની અને ૭૩ મોડેલ સ્કુલમાં ધોરણ – ૬ અને ૯માં બન્ને કલાસના કુલ-૮૦ વિદ્યાર્થી મુજબ કુલ-૫૮૪૦ વિદ્યાર્થીઓને પ્રતિ દીન પ્રતિ વિદ્યાર્થીદીઠ રુ.૧૨.૪૦ની મર્યાદામાં બપોરે પૌષ્ટિક નાસ્તો અને દુધ/જ્યુસ આપવાનો કુલ-૨૪૦ દિવસ માટેનો ખર્ચ રુ.૧૭૩.૮૦ લાખ મળીને કુલ રુ.૨૬૦.૭૦ લાખના બજેટને વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી.

સંદર્ભ-(૨) ઠરાવથી સને ૨૦૧૫-૧૬માં નવી બાબતે માંગણી નં-૯,૯૫ અને ૯૬ પ્લાન સદરે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કુલ-૭૩ મોડેલ સ્કુલમાં ધોરણ -૧૦માં એક કલાસ દીઠ ૫૦ વિદ્યાર્થી મુજબ કુલ.૩૬૫૦ વિદ્યાર્થીઓને પ્રતિદિન વિદ્યાર્થી દીઠ રુ.૧૨.૪૦ની મર્યાદામાં મધ્યાહન ભોજન યોજનાનો લાભ આપવા ૨૪૦ દિવસ માટે રાજ્ય સરકારના ખર્ચ પેટે રુ.૧૦૮.૬૨ લાખની અને ૭૩ મોડેલ સ્કુલમાં ધોરણ – ૭ અને ૧૦માં બન્ને કલાસના કુલ-૧૦૦ વિદ્યાર્થી મુજબ કુલ-૭૩૦૦ વિદ્યાર્થીઓને પ્રતિ દીન પ્રતિ વિદ્યાર્થીદીઠ રુ.૧૨.૪૦ પૈસાની મર્યાદામાં બપોરે પૌષ્ટિક નાસ્તો અને દુધ/જ્યુસ આપવા કુલ-૨૪૦ દિવસ માટેનો ખર્ચ રુ.૨૧૭.૨૫ લાખ મળીને કુલ રુ.૩૨૫.૮૭ લાખની નીચે મુજબની બજેટ જોગવાઇને વહીવટી મંજુરી આપવામાં આવેલ હતી.

સંદર્ભ-(૩)અને(૪)ના પત્ર અન્વયે સને ૨૦૧૬-૧૭માં નવી બાબતે માંગણી નં-૯, ૯૫,અને ૯૬ પ્લાન સદરે રાજ્યમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કુલ-૭૨ મોડેલ સ્કુલમાં ધોરણ -૧૧માં રાજ્ય સરકારના ખર્ચે એક કલાસ દીઠ ૫૦ વિદ્યાર્થી મુજબ કુલ.૩૬૦૦ વિદ્યાર્થીઓને પ્રતિદિન વિદ્યાર્થી દીઠ રુ.૧૨.૪૦ની મર્યાદામાં મધ્યાહન ભોજન યોજનાનો લાભ આપવા ૨૪૦ દિવસ માટે રાજ્ય સરકારના ખર્ચ પેટે રુ.૧૦૭.૧૩ લાખની અને ૭૨ મોડેલ સ્કુલમાં ધોરણ – ૮ અને ૧૧માં બન્ને કલાસ કુલ-૧૦૦ વિદ્યાર્થી મુજબ કુલ-૭૨૦૦ વિદ્યાર્થીઓને પ્રતિ દીન પ્રતિ વિદ્યાર્થીદીઠ રુ.૧૨.૪૦ પૈસાની મર્યાદામાં બપોરે પોષ્ટીક નાસ્તો અને દુધ/જ્યુસ કુલ-૨૪૦ દિવસ માટેનો ખર્ચ રુ.૨૧૪.૨૭ લાખ મળીને કુલ રુ.૩૨૧.૪૦ લાખની નીચે મુજબની બજેટ જોગવાઇને

વહિવટી મંજુરી માટે ગુજરાત કાઉન્સીલ ઓફ સેકન્ડરી એજ્યુકેશન અને કમિશ્નરશ્રી, મ.ભો.યો.દ્વારા દરખાસ્ત આવેલ છે.

| ક્રમ | સદર | વિદ્યાર્થીઓની સંખ્યા | પ્રતિ દિન ખર્ચ | કુલ દિવસ | કુલ ખર્ચ (લાખમાં) |
|---|---|---|---|---|---|
| ૧ | માંગણી નં.૯ | ૭૭૭૬ | રુ. ૧૨.૪૦ | ૨૪૦ | ૨૩૧.૪૧ |
| ૨ | માંગણી નં.૯૫ | ૧૦૮૦ | રુ. ૧૨.૪૦ | ૨૪૦ | ૩૨.૧૪ |
| ૩ | માંગણી નં.૯૬ | ૧૯૪૪ | રુ. ૧૨.૪૦ | ૨૪૦ | ૫૭.૮૫ |
| | કુલ | ૧૦૮૦૦ | | | ૩૨૧.૪૦ |

**ઠરાવ-**

૨/ ઉકત બાબતે પુખ્ત વિચારણાને અંતે સને ૨૦૧૬-૧૭માં નવી બાબતે માંગણી નં-૯, ૯૫,અને ૯૬ પ્લાન સદરે રાજ્યમ રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કુલ-૭૨ મોડેલ સ્કુલમાં ધોરણ -૧૧માં રાજ્ય સરકારના ખર્ચે એક કલાસ દીઠ ૫૦ વિદ્યાર્થી મુજબ કુલ.૩૬૦૦ વિદ્યાર્થીઓને પ્રતિદિન વિદ્યાર્થી દીઠ રુ.૧૨.૪૦ની મર્યાદામાં મધ્યાહન ભોજન યોજનાનો લાભ આપવા ૨૪૦ દિવસ માટે રાજ્ય સરકારના ખર્ચ પેટે રુ.૧૦૭.૧૩ લાખની અને ૭૨ મોડેલ સ્કુલમાં ધોરણ – ૮ અને ૧૧માં બન્ને કલાસ કુલ-૧૦૮ વિદ્યાર્થી મુજબ કુલ-૭૨૦૦ વિદ્યાર્થીઓને પ્રતિ દીન પ્રતિ વિદ્યાર્થીદીઠ રુ.૧૨.૪૦ પૈસાની મર્યાદામાં બપોરે પોષ્ટીક નાસ્તો અને દુધ/જ્યુસ કુલ-૨૪૦ દિવસ માટેનો ખર્ચ રુ.૨૧૪.૨૭ લાખ મળીને કુલ રુ.૩૨૧.૪૦ લાખની ઉપર મુજબની બજેટ જોગવાઇને નીચેની શરતોને આધિન આથી વહિવટી મંજુરી આપવામાં આવે છે.

**શરતો-**

(૧) મોડેલ સ્કુલમાં ધો.૮ અને ધો.૧૧ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ગરમ નાસ્તો/દુધ/જ્યુસ આપવાની વ્યવસ્થા મોડેલ સ્કુલના સ્વતંત્ર મકાન કાર્યરત ન થાય ત્યાં સુધી જે તે શાળા કક્ષાએથી ઉભી કરવાની રહેશે અને જરૂરી ગ્રાન્ટની ફાળવણી કમિ.મ.ભો.યો. મારફતે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને કરવાની રહેશે.

(૨) મોડેલ સ્કુલ અંતર્ગત મધ્યાહન ભોજન યોજનાનો જિલ્લા કક્ષાએ અમલ નાયબ કલેકટરશ્રી,(મ.ભો.યો.) ઉપરાંત જિલ્લા કક્ષાએ આર.એમ.એસ.કોઓડિનેટર તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને ક્ષેત્રિય સ્ટાફ કરશે.

(૩)આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધિન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૪)પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા આગામી નાણાકિય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૫) આ મંજુરી અન્વયે કરવાની થતી ખરીદી અન્વયે તે અંગેની નીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૬) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક- એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/છમાં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું તથા તે અંગેની વખતો વખતની સુચનાઓનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૭)આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૮) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષના આખરે સરન્ડર કરવાની રહેશે.

(૯) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

(૧૧) આ અંગેનો ખર્ચ તા.૧/૪/૨૦૧૬થી કરવાનો રહેશે.

૪/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૬-૧૭ ના અંદાજપત્રના માંગણી નંબર-૯, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે. (બિન આદિજાતી)

૫/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૬-૧૭ ના અંદાજપત્રના માંગણી નંબર-૯૫, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુક્ત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૧૦૨-મધ્યાહન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે. (ખાસ અંગભૂત યોજના)

૬/ આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૬-૧૭ ના અંદાજપત્રના માંગણી નંબર-૯૬, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ-પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુક્ત આહાર અને પીણાનું વિતરણ-ગૌણ સદર-૭૯૬-આદિજાતિ વિસ્તાર પેટા યોજના વિગતવાર-સદર (૦૩)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનો રહેશે.(આ.વિ.પે.યો.)

૭/ આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૨૭ /૦૪/૨૦૧૫ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.પી.પટેલ.)
સેકશન અધિકારી
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

--માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
--માન. રા.ક. શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
-- અ.મુ. સચિવશ્રી (શિ.) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
-- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
--ડાયરેકટરશ્રી ગુજરાત કાઉન્સીલ ઓફ સેકન્ડરી એજ્યુકેશન, સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર સ્કુલ કેમ્પર્સ સેકટર-૧૨,ગાંધીનગર
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- એકાઉન્ટન્ટ જનરલ, (ઓડિટ)ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- બજેટ શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબસાઇટ ઉપર મુકવા બાબત.)
-- નાણાં વિભાગ/બજેટ/નાણાં શાખા, (શિ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- નાયબ સેકશન અધિકારીશ્રી,
-- સિલેકટ ફાઇલ.

મધ્યાહન ભોજન યોજનાના કેન્દ્રોના ૫૦૦ કિચનશેડનું